# ડીસાની આદર્શ શાળામાં વિદ્યાર્થીને શિક્ષકે માર માર્યાનો આક્ષેપ કર્યો

**શિક્ષકે કહ્યું માર મારવાનો કોઈ બનાવ નથી સામાન્ય ઠપકો આપ્યો હતો અને તેના વાલીને પણ બોલાવ્યા હતા**

ડીસા, તા. ૧૯

ડીસાની આદર્શ શાળામાં ધોરણ ૧૧માં અભ્યાસ કરતા વિદ્યાર્થીએ શિક્ષકે માર માર્યાનો આક્ષેપ કર્યો હતો, જ્યારે શિક્ષકે સામાન્ય વાતચીતને લઈને તેને ઠપકો આપ્યો હોવાનું જણાવ્યું હતું,

ડીસાના સુંદરમ બંગલોઝમાં રહેતો ૧૬ વર્ષીય સોલંકી કેતુલ



અરૂણભાઈ શહેરની આદર્શ શાળામાં ધોરણ ૧૧માં અભ્યાસ કરી રહ્યો છે. ગુરુવારે તેની શાળાના શિક્ષકે તેને માર માર્યો હોવાના આક્ષેપ કર્યો હતો. વિદ્યાર્થી કેતુલે આક્ષેપ કરતા જણાવ્યુ હતું કે ગુરુવારે તેના સહાધ્યાયી સાથે સામાન્ય બાબતે બોલાચાલી થતા તેના સહાધ્યાયીએ આ અંગે મોનીટરને જાણ કરી હતી. બાદમાં મોનિટરે આ અંગે શાળાના શિક્ષક નટુભાઈ જોશીને વાત કરી હતી અને નટુ ભાઈ જોશીએ તેને માર માર્યો હતો અને અન્ય શિક્ષકે તેને માફીપત્ર લખાવા દબાણ કર્યું હતું. જોકે આ અંગે શિક્ષકે વિદ્યાર્થીને ખાલી ઠપકો આપ્યો હતો તેમ જણાવ્યું હતું.

# મોડાસા શહેરની વેદના ક્યાંય પોલીસ જોવા મળે તો કહેજો..!!

# ગ્રીન સીટી બંગ્લોઝમાં તાળા તૂટ્યા

અરવલ્લી જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી રહી છે. ચોર-લૂંટારુ, ઘરફોડ ગેંગ સામે



ખાખી વર્દીનો પનો ટૂંકો પડી રહ્યો હોય તેમ લૂંટની ઘટનાઓનો ગ્રાફ આકાશે આંબી રહ્યો છે. મોડાસા શહેરમાં તસ્કરોને પોલીસતંત્રની નિષ્ક્રિયતા ચોરી, લૂંટની ઘટનાને અંજામ આપવા મોકળુ મેદાન પૂરું પાડી રહી હોય તેવો અહેસાસ નગરજનો અનુભવી રહ્યા છે. જીલ્લા પોલીસતંત્ર ચોરી, લૂંટની ઘટનામાં મોટેભાગે કાગળ પર અરજી લઈ ક્રાઈમ રેશિયો ઘટાડવાના મથામણ કરી રહી છે.

મોડાસા શહેરના સહયોગ બાયપાસ રોડ નજીક આવેલ ગ્રીનસીટી બંગ્લોઝમાં ગત મધ્યરાત્રીએ બુકાનધારી તસ્કર ટોળકીના બે લબરમૂછિયા યુવક જેવા લગતા શખ્સો ત્રાટકી બે બંગ્લોઝને નિશાન બનાવી લૂંટની ઘટનાને અંજામ આપી આરામથી પલાયન થઈ ગયા હતા. બંને તસ્કરો નજીકના બંગ્લોઝમાં લાગેલ સીસીટીવી કેમેરામાં કેદ થયા હતા. પોલીસે ઘટનાસ્થળે પહોંચી રાબેતા મુજબ તપાસ હાથ ધરી હતી.

મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલા ગ્રીનસીટી બંગ્લોઝમાં રહેતા અને શામળાજી આરટીઓ કચેરીમાં ફરજ બજાવતા આસી.ઈન્સ. મનીષ ચૌધરીના બંધ મકાનના દરવાજાના નકુચા તોડી મકાનમાં પ્રવેશી માલસામાન વેરવિખેર કરી રસોડામાં રાખેલા ગુલાબજામુનની લિજ્જત માણી અન્ય બંગ્લોઝમાં ત્રાટક્યા હતા અન્ય બંગ્લોઝ ખાલી પડ્યો હોવાથી તસ્કરોને ફેરો માથે પડ્યો હતો. આરટીઓ ઈન્સપેક્ટર બહારગામ હોવાથી લૂંટનો આંકડો



બહાર આવ્યો નથી. લૂંટની ઘટનાને પગલે સોસાયટીના રહીશોમાં ફફડાટ ફેલાયો હતો. સ્થાનિકોએ મોડાસા પોલીસને જાણ કરતા ઘટનાસ્થળે પહોંચી પ્રાથમિક તપાસ હાથ ધરી કાયદેસરની કાર્યવાહી કરવા તજવીજ હાથ ધરી હતી.

# વડગામના રૂપાલ નજીક રીક્ષા જીપ વચ્ચે અકસ્માત : ૬ ઘાયલ

**રીક્ષા વચ્ચે વાંદરો આવી જતાં સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતાં રીક્ષા જીપ સાથે ટકરાઈ**

વડગામ, તા. ૧૯

વડગામ તાલુકાના રૂપાલ નજીક રીક્ષા વચ્ચે વાંદરો આવી જતાં રીક્ષાચાલકે સ્ટેરીંગ પરનો સામેથી આવતી જીપ સાથે ટકરાઈ હતી જેના કારણે રીક્ષાને ભારે નુકશાન થવા પામ્યું હતું અને સદનસીબે રીક્ષામાં બેઠેલા ૬



કાબુ ગુમાવતા રીક્ષા સામેથી આવી રહેલ જીપ સાથે ધડાકા સાથે ટકરાઈ હતી. જેમાં રીક્ષામાં બેઠેલા ૬ વ્યકિતઓ ઘાયલ થવા પામ્યા હતા અને સદનસીબે મોટી જાનહાની ટળી હતી.

વડગામ તાલુકાના રૂપાલથી પિલુચા તરફ જવાના રોડ પર રીક્ષા પસાર થઈ રહી હતી તે સમયે અચાનક એક વાંદરો રીક્ષા વચ્ચે આવી ગયો હતો. જેના કારણે રીક્ષાનો ચાલક ધડફાઈ જતાં સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી બેસતા રીક્ષા મુસાફરોનો આબાદ બચાવ થયો હતો. ત્યારે રસ્તામાં આવતા વાહન ચાલકોએ ઊભા રહી તાત્કાલિક રીક્ષામાં બેઠેલા ઘાયલ લોકોને કોઈ પ્રાઈવેટ વાહનમાં બેસાડી વડગામ સી.એસ.સી. ખાતે લઈ જઈને સારવાર અપાવી હતી જ્યાં ફરજ પરના તબીબ ડો.અનિલભાઈ ડાભી અને સ્ટાપ દ્વારા ઈજાગ્રસ્તોને સારવાર આપી હતી. નાની મોટી ઈજાથી પાંચ જેટલા વ્યક્તિ ઓને ઈજાગ્રસ્તોને નાની-મોટી ઈજાઓ થવા પામી હતી.

# રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ અભિયાન અંતર્ગત ‘પેસા’ કાયદા હેઠળ ત્રિસ્તરીય પદાઅધિકારીઓ તાલીમ શિબિર યોજાઈ

અરવલ્લી જીલ્લાના મેઘરજ તાલુકાના પંચાયત ખાતે રાજય ગ્રામ વિકાસ સંસ્થા દ્વારા અનુસૂચિત વિસ્તારોમાં પંચાયતીરાજનુ



અમલીકરણ એક્ટ ૧૯૯૬ ‘પેસા’ કાયદા અંતગર્ત ભારતના સંવિધાન ૭૩મા બંધારણીય જોગવાઈઓ મુજબ મુળભુત અધિકારોના રક્ષણ માટે આખા દેશમાં ત્રિસ્તરીય પંચાયતીરાજની સ્થાપના તેમજ કાયદાકીય જોગવાઈઓ અને સત્તાઓ ૧૯૯૩ ની કલમ ૯૩/૯૪ તેમજ ગુજરાત રાજયમાં ‘પેસા’ કાયદા હેઠળ સમાવિષ્ટ વિસ્તારો, જોગવાઈઓ, ગ્રામસભાના અધિકારો તેમજ ગ્રામ્ય અનુસચિત પાંચમી અને છઠ્ઠી જોગવાઈ હેઠળ ગ્રાપંચાયતના વિશેષ અધિકારોની સવિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. જેમાં સરદાર પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈકોનોમિક એન્ડ સોસીયલ રીસર્ચના ટ્રેનર હસમુખભાઈ પરમાર દ્વાર માર્ગદશન આપવામાં આવ્યુ હતુ.

આ પ્રસંગે મેઘરજ તાલુકા પંચાયતના પ્રમુખ સુરતાબેન ડામોર મેઘરજ તાલુકા વિકાસ અધિકારી વિ.કે. કડીયા, મદદનીશ ટી.ડી.ઓ. રજનીભાઈ પટેલ, જીલ્લા સદસયો, તાલુકા સદસ્યો અને ગ્રાપંચાયતના સરપંચો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યકમનુ સફળ સંચાલન ગૌરાંગ પટેલ દ્વાર કરવામાં આવ્યુંહતું.

# મોડાસા નજીક ગેરકાયદેસર ગેસનું ગોડાઉન તાણી બંધાતા સબલપુર ગ્રામ પંચાયતે નોટિસ ફટકારી

મોડાસા, તા. ૧૯

અરવલ્લી જીલ્લામાં આવેલા ગ્રામ પંચાયત વિસ્તારોમાં છેલ્લા ૧૦ વર્ષમાં ગેરકાયદેસર દબાણોનો રાફડો ફાટી નીકળ્યો છે. અરવલ્લી જીલ્લાની રચના થયા પછી મોડાસા શહેરની જીલ્લાનું વડુમથક જાહેર કરતા આજુબાજુ ગ્રામ્ય વિસ્તારોની જમીનોના ભાવ ઉંચકાતા કેટલાક ભુ-માફિયાઓ અને દુકાનદારો બિનખેતી હુકમ વગર સરપંચ અને તલાટીની રહેમનજર હેઠળ ઠેક ઠેકાણે આડેધડ બાંધકામ થઈ ગયા છે.

મોડાસા શહેર નજીક મોડાસા તાલુકાના સબલપુર ગ્રુપ ગ્રામ પંચાયતની હદ વિસ્તારમાં આવેલા બાજકોટ ગામની સીમમાં રમણ ગમાજી વી.ની સંયુકત માલિકીની ખેતીની જમીન સર્વે નં.૪૧ ના ૦૫-૦૮-૮૯ ક્ષેત્રફળ વિસ્તારની જમીન પૈકી ની જગ્યામાં બીન ખેતી હુકમ વગર એચ.પી. ગેસ ગોડાઉનનું બાંધકામ તાણી બંધાતા સબલપુર ગ્રામ પંચાયતના




ધ્યાને આવતા ગેરકાયદેસર બાંધકામ અંગે લાલ આંખ કરી બાંધકામની મંજૂરી અંગેની રજાચિઠ્ઠી અને જરૂરી પુરાવા રજુ કરવા સરપંચ દક્ષાબેન પટેલે ખેતર માલિકને નોટિસ આપી ત્રણ દિવસનો સમયગાળો આપવામાં આવ્યો હતો અને પુરાવા રજુ નહિ કરો તો વગર મંજુરીએ બાંધવામાં આવેલ ગોડાઉન દૂર કરવામાં આવેશેનો નોટિસમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. નોટિસ આપ્યાને ૩ દિવસ પૂર્ણ થવા છતાં ખેતર માલિક નોટિસનો જવાબ આપવાનું મુનાસીબ ન માનતા ગ્રામ પંચાયત ગેરકાયદેસર ખડકી દીધેલ ગોડાઉનનું બાંધકામ દૂર કરે છે કે નહિ તે જોવું રહ્યું..?

સબલપુર ગ્રામ પંચાયતના તલાટી ગિરધરભાઈના જણાવ્યા અનુસાર નોટિસ પઠાવ્યાના ત્રણ દિવસ પૂર્ણ થયા હોવા છતાં ખેતર માલિક તરફથી હજુ કોઈ પણ પ્રકારના બાંધકામ અંગેના પુરાવા રજૂકરવામાં નં આવ્યા હોવાનું જણાવ્યું હતું.

જીલ્લાના અન્ય એક વિસ્તારમાં ખેતરમાં તાણી બંધાયેલ ગેસ ગોડાઉન પણ ગ્રામપંચાયતની મીલીભગત હોવાની ચર્ચા ટોક ઓફ ધી ટાઉન બની છે ત્યારે જીલ્લા કલેકટર અને જીલ્લા વિકાસ અધિકારી ગ્રામ્ય વિસ્તારોમાં ગેરકાયદેસર થતા બાંધકામો સામે લાલ આંખ કરે તેવું જાગૃત નાગરિકો ઈચ્છી રહ્યા છે.

# માઈનોર કેનાલમાં પાણી છોડાય તો પાકને બચાવી શકાય

કડી, તા. ૧૯

કડી તાલુકાના નારણપુરાની આજુબાજુ નર્મદાની માઈનોર કેનાલ પસાર થાય છે. જેમાં ઘણુ ઓછુ પાણી આવે છે. જેથી મશીનથી પાણી લઈ શકાતુ નથી.

પ્રથમ વરસાદથી ખેડૂતોએ જુવાર-બાજરીનું વાવેતર કરેલ છે. જે હાલ સુકાઈ રહ્યું છે. નર્મદા કેનાલમાંથી પાણીનો પુરતો જથ્થો મળે તો વાવેતર બચી શકે તેમ છે. તો નર્મદાની કેનાલમાંથી માઈનોર કેનાલમાં પાણી છોડી પાકને નિષ્ફળ જતો અટકાવી શકાય.



**માલપુર ત્રિવેદી મેવડા બ્રાહ્મણ પંચના પ્રમુખ મંત્રી સહિત હોદ્દેદારો નિમાયા**

માલપુર ત્રિવેદી મેવડા બ્રાહ્મણ પંચની જનરલ સભા બ્રાહ્મણ પંચની વાડીમાં મળી હતી. જેમાં બ્રાહ્મણ પંચના સભાસદો હોદ્દેદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. જેમાં પંચના પ્રમુખ મંત્રી અને હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે વિજેશકુમાર કંચનલાલ પંડ્યા, ઉપપ્રમુખ તરીકે યોગેશકુમાર હસમુખલાલ પંડ્યાા, ચંદ્રવદન મણિલાલ પંડ્યા, રાજેશકુમાર કેશવલાલ ગોર, મંત્રી તરીકે ગોર અનિલ કુમાર દલસુખરામ, સહમંત્રીમાં પંડ્યા, રોહિતકુમાર ડાહ્યાલાલ,ગોર વિક્રમકુમાર અંબાલાલ, પંડ્યા, પ્રકાશચંદ્ર શિવરામ, સંગઠન મંત્રી તરીકે પંડ્યા કલ્પેશકુમાર બંસીલાલ, ઉપાધ્યાય દિનેશકુમાર કમળા શંકર પંડ્યા, કલ્પેશકુમાર મનુભાઈ તથા કોષાધ્યક્ષ ભટ્ટ કાંતિલાલ માનસુખરામ અને ઉપ કોષધ્યક્ષ ભટ્ટ દિનેશચંદ્ર ભૂલેશ્વર, પંડ્યા પ્રવીણચંદ્ર પુરષોત્તમની નિમણુંક કરવામાં આવી હતી. માલપુર ત્રિવેદી મેવડા બ્રાહ્મણ પંચના નિમાયેલા તમામ હોદ્દેદારોને સમાજના અગ્રણીઓએ શુભેચ્છા પાઠવી હતી.



**બ્લોક હેલ્થ કચેરી ખાતે પીઆરઆઈ મેમ્બર્સનો વર્કશોપ યોજાયો**

વડગામમાં આવેલી તાલુકા હેલ્થ કચેરી ખાતે તમાકુ નિયંત્રણ પ્રોગ્રામ અંતર્ગત પી.આર.આઈ મેમ્બર્સનો વર્કશોપ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં તાલુકા આરોગ્ય અધિકારી ડી.બી. મહેતા દ્વારા તમાકુથી થતા રોગોની પ્રોજેકટર સ્લાઈડ દ્વારા વિસ્તૃત મહિત આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં એચ.આર. જોશી દ્વારા મુખ્યમંત્રી અમૃતમ અને માં વાત્સલ્ય તેમજ આયુષ્યમાં કાર્ડ વિશે અને કેન્સર દર્દીઓને મળતી માસિક આર્થિક સહાય વિશે માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં પાચડાં ટી.એચ.વી. તેમજ તાલુકાના તમામ સુપ્રવાઈજર, આશા બહેનો અને આરોગ્ય અધિકારીઓ હાજર રહ્યા હતા.

# સાબરકાંઠાની ત્રણ શાળાઓની માન્યતા રદ

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકામાં આવેલી ત્રણ ગ્રાન્ટેડ સ્કૂલના સંચાલકોએ અંદાજે ૨૭ શિક્ષકોની બોગસ ભરતી કરીને સરકારના નાણાનો દુર ઉપયોગ કરી સરકાર સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરાયા બાદ શિક્ષણ વિભાગે તબક્કાવાર કાર્યવાહી કરીને આ ત્રણ સ્કૂલોની માન્યતા રદ કરવાના કરાયેલા આદેશ બાદ ગુરૂવારે જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા ત્રણેય શાળાઓની માન્યતા રદ કરીને તેના અગત્યના દસ્તાવેજો નજીકમાં આવેલી શાળાઓને સુપ્રત કરાયેલ છે. સરકારની આ કાર્યવાહીથી આ ત્રણ શાળાઓમાં ભણતા અંદાજે ૭૪૨ વિદ્યાર્થીઓને અન્ય શાળાઓમાં ભણવા માટે જવુ પડશે. આ અંગે જિલ્લા શિક્ષણાધિકારી એસ.કે. વ્યાસના જણાવાયા મુજબ ખેડબ્રહ્મા તાલુકામાં આવેલ નાનાસેબલીયા ગામની સૌરભ સ્કૂલમાં વર્ષ ૨૦૧૪-૧૫માં સંચાલક દ્વારા ૪ શિક્ષકોની ભરતી કરાઈ હતી તેજ પ્રમાણે ગુંદેલની સી.એસ. બ્રહ્મભટ્ટ હાઈસ્કૂલમાં ૫ જ્યારે પરોયાની બી.એસ. વાઘેલા અને એન.એસ. વાઘેલા સ્કૂલમાં ૧૮ શિક્ષકોની ભરતી કરાયા બાદ તે અંગે શિક્ષણ વિભાગે કરેલી તપાસ બાદ સંચાલકોએ શિક્ષકોની ભરતી કરવામાં લાખ્ખો રૂપીયાની કટકી કરી હતી તથા સરકારના નિયમ વિરૂદ્ધ ભરતી કર્યા બાદ તેમનો પગાર સરકાર તરફથી ચૂકવવામાં આવતો હતો અને તપાસને અંતે આ સંચાલકોએ સરકાર સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરાઈ હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું.

ત્યારબાદ શિક્ષણ બોર્ડ દ્વારા આ સંચાલોકને નોટીસ આપીને તેમની સંસ્થાની માન્યતા કેમ રદ ન કરવી તે માટે સુનાવણી હાથ ધરવામાં આવી હતી પરંતુ તેમાં સંચાલકોએ કરેલી કાર્યવાહી નિયમ વિરૂદ્ધની હોવાનું સાબિત થતા બે દિવસ અગાઉ શિક્ષણ બોર્ડ દ્વારા આ ત્રણ શાળાઓની માન્યતા રદ કરવા માટે સાબરકાંઠા જિલ્લા શિક્ષણાધિકારીને આદેશ કરાયા હતા.

# ડીસામાં બગીચો બંધ, વ્રતધારી બાલિકાઓ નિરાશ

ડીસા, તા. ૧૯

ડીસા નગરપાલિકા દ્વારા તૈયાર થયેલો હવાઈ પિલ્લર નજીકનો બગીચો વારંવાર વિવાદમાં સપડાતો આવ્યો છે. બગીચાના નિર્માણ બાદ શરૂ થયેલો વિવાદ હજુ સુધી સમવાનું નામ લેતો નથી. ત્યારે આ ગુરુવારે રાત્રે ડીસામાં જયા પાર્વતિ વ્રતની જાગરણ હોવાથી બગીચા પર પહોંચેલી નાની બાલિકા બગીચો બંધ હોવાના લીધે નિરાશ થઈને પરત જવાનો વારો આવ્યો હતો.

ગુરુવારે રાત્રે ડીસામાં જયપાર્વતી વ્રતની ઉજવણી કરતી નાની નાની બાલિકાઓને પાલિકા અને બગીચાના કોન્ટ્રાકટરના કારણે નિરાશ થવાનો વારો આવ્યો હતો. વ્રતની જાગરણ હોવાના લીધે નાની બાલિકાઓ બગીચા પર ઉજવણી કરવા પહોંચી હતી. પરંતુ બગીચાના કોન્ટ્રાકટરનું પેમેન્ટ બાકી હોવાના લીધે આ બગીચાને લોક મારી દેવામાં આવતા બગીચામાં ઉજવણી કરવા આવેલી બાળકીઓને નિરાશ થવાનો વારો આવ્યો હતો. બગીચા પર જાગરણની ઉજવણી કરવા આવેલી બાળકીઓએ કેમેરા સામે પોતાની નિરાશા વ્યક્ત કરી હતી.

# મોડાસાના ઉમિયા માતાજી મંદિરે એએચપી ગૌરી વ્રત જાગરણની રાત્રીએ રાસ ગરબા યોજાયા

આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ અને ઓજસ્વીની રાષ્ટ્રીય મહિલા પરિસદ દ્વારા ગૌરીવ્રતના જાગરણની રાત્રીએ મોડાસા શહેરના મેઘરજ રોડ પર આવેલા ઉમિયા માતાજી મંદિર પરિસરમાં રાસ ગરબા અને હિન્દુ સંસ્કૃતિનું માહત્ય સમજાવતા અને રાષ્ટ્રપ્રેમી ભાવનાને જાગૃત કરતા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા જેમાં મોટી સંખ્યામાં યુવતીઓ અને મહિલાઓ જોડાઈ હતી. આ પ્રસંગે માલાબેન રાવલ, ઉમિયા મંદિરના ઉપ પ્રમુખ ચંદુભાઈ પટેલ, મંત્રી અંબાલાલ પટેલ, મંદિરના પૂજારી વિષ્ણુ પ્રસાદ, જીલ્લા મહિલા પરિસદના કાંતાબેન પટેલ સહીત અરવલ્લી જીલ્લા આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના હોદ્દેદારો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# હિંમતનગરની યુવતીને સાસરીયાઓ દ્વારા ત્રાસ અપાતા ત્રણ વિરૂદ્ધ ફરીયાદ

હિંમતનગરના હસનનગરમાં રહેતી એક યુવતીના લગ્ન અમદાવાદના રેહમાનનગરમાં રહેતા એક પરીવારના યુવક સાથે થોડા સમય અગાઉ કરાયા બાદ તેણીના પતિ તથા સાસુ, સસરા દ્વારા અવારનવાર વાંધા વચકા કાઢીને શારીરિક અને માનસિક ત્રાસ આપી જાનથી મારી નાખવાની ધમકી અપાતી હતી. જેથી હિંમતનગરની આ યુવતીએ ગુરૂવારે ત્રણ સાસરીયા વિરૂદ્ધ હિંમતનગર મહીલા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

આ અંગે હિંમતનગરના હસનનગરમાં આવેલ આવાસ યોજનાના મકાનમાં રહેતા શબનમબાનુ શબ્બીરભાઈ મીરે મહીલા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ તેણીના લગ્ન અમદાવાદના રહેમાનનગરમાં રહેતા મુસ્તકીમ રેહમાન મનસુરભાઈ શેખ સાથે થોડા સમય અગાઉ કરાયા હતા. ત્યારબાદ પતિ તથા સસરા મનસુરભાઈ બશીરભાઈ શેખ અને સાસુ ઝરીનાબાનુ શેખ દ્વારા વાંધા વચકા કાઢીને શબનમબાનુને જમવાનુ બનાવતા આવડતુ નથી. તથા તારા બાપાના ઘરેથી ધંધો કરવા માટે રૂ. ૧ લાખનું દહેજ લઈ આવવા માટે અવારનવાર દબાણ કરવામાં આવતુ હતુ.

## ડીસા તાલુકાના વાસણા ગોળીયા ગામે

# મારામારી કરી ઉપાડી જવાનો પ્રયાસ કરનાર ૭ સામે નોધાઈ ફરિયાદ

**માળી સમાજના યુવકે ચૌધરી સમાજની યુવતી સાથે ૨ માસ અગાઉ જ કોર્ટ લગ્ન કર્યા હતા**

ડીસા, તા. ૧૯

બનાસકાંઠા જીલ્લામાં છેલ્લા ઘણા સમાંથી ગુન્હાહિત પ્રવૃતિઓ બેફામ ફૂલીફાલી છે જેમાં ચોરી,



લૂંટ, મારામારી, બળત્કાર, હત્યા, છેડતી, અપહરણ જેવા ગંભીર ગુન્હાઓમાં નોધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. ગુન્હાખોરોનો કોઈપણ ગુન્હો કરતા પહેલા કાયદાનો કોઈ ભય રહ્યો જ નથી. ગત ગુરુવારના રોજ ડીસા તાલુકાના વાસણા-ગોળીયા ગામે રહેતા નવ પરણિતા સહીત તેના પરિવારજનો પર હુમલો કરી માર મારી યુવતીને બળજબરીપૂર્વક ઉપાડી જવાનો પ્રયાસ કરતા ડીસા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોધાતા ચકચાર.

ડીસા તાલુકાના વાસણા-ગોળીયા ગામના પ્રશાંતકુમાર રમેશભાઈ માળી નામના યુવકેને રમુણ ગામની મંજુબેન ચોધરી સાથે પ્રેમ થતા તેઓએ તા.૩૦/૦૪/૨૦૧૯નાં રોજ કોર્ટ મેરેજ કરી દીધેલ હતા અને તેઓ વાસાણા-ગોળીયા ગામે પરિવાર સાથે રહેતા હતા. જયારે ગત ગુરુવારના રોજ એક સ્વીફ્ટ કાર નંબરઃ જી.જે-૦૪-સી.એ.-૧૧૧૦ અને મહેન્દ્ર કેમ્પર આમ બે ગાડીઓમાં ધોકા અને પાઈપો સાથે સાત જેટલા લોકો ફરિયાદીના ઘરે આવેલ અને ફરિયાદએ તેના નિવેદનમાં જણાવ્યા મુજબ પ્રથમ ફરિયાદીના માતા ગાડીમાંથી ઉતરી તેમની જ આ દીકરી છે તેવી ખરાઈ કરેલને ત્યારબાદ બાકીના લોકો મળી પરણીતાને બળજબરીપૂર્વક માથાના ભાગેથી પકડી ગાડીમાં નાખતા પરણીતાએ બૂમાબૂમ કરતા પરણીતાના સાસરીયાઓ ભેગા આવી જતા. ગાડીમાં આવેલા સાતે લોકો એક સંપ થઈ પરણીતાના પરિવારજનો પર લાકડી, ધોકા અને પાઈપ વડે આડેધડ માર મારવા લાગેલ ત્યારે અને ૪થી વધુ લોકોને ઈજાઓ પહોચાડેલ ત્યારે આસપાસનાં લોકો દોડી આવતા હુમલો કરનાર ગાડી મૂકી નાશી છૂટ્યા હતા. પરણીતા મોકો જોઈ ગાડીમાંથી બહાર નીકળી પોતાના ઘરે આવી ગયેલ.

પરણીતા સહીત ૪ જેટલા લોકોને ઈજાઓ થતા તેઓને ડીસા સિવિલ ખાતે સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થેખસેડવામાંઆવ્યતા હતા અને ડીસા તાલુકા પોલીસ ઘટનાસ્થળે દોડી આવી ઘટના તાગ મેલીવી સાત ઈસોમો વિરૂદ્ધ આઈ.પી.સી. કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૩૨૩, ૩૬૫, ૫૧૧ તેમજ જી.પી.એ. કલમ ૧૩૫ મુજબ ગુન્હો નોધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.